# iORA પોર્ટલ પર જમીન માપણી માટે ઓનલાઈન અરજી કરવાની સૂચનાઓ તથા કાર્યપધ્ધતિ

## સૂચનાઓ:

| | |
|---|---|
| ૧ | iORA પોર્ટલ પરથી ત્રણ પ્રકારની માપણી અરજીઓ કરી શકાશે:<br>૧. હદ માપણી- મૂળ સરવેનંબર આખાની હદની માપણી. માપણીની અસર રેકર્ડમાં આપવા પાત્ર નથી<br>૨. પૈકી માપણી- આખા સરવેનંબર પૈકી અલગ થયેલ ગામ નમૂના નંબર ૭ ના પૈકી પાનિયાની પોતાના કબજા મુજબ માપણી. આ માપણીની અસર રેકર્ડમાં આપવા પાત્ર નથી ફક્ત ક્ષેત્રફળની જાણકારી માટે માપણી થાય છે.<br>૩. હિસ્સા માપણી- આખા સરવે નંબરમાં પૈકી કબજેદાર દીઠ હિસ્સા જુદા કરવા માટે થતી માપણી જેની અસર સરવે રેકર્ડ તથા રેવન્યુ રેકર્ડમાં આવશે તથા તે મુજબ ફેરફાર થશે. |
| ૨ | માપણી અરજીની અગ્રતા બે પ્રકાર ની રહેશે:<br>૧) સામાન્ય (જેનો નિકાલ પેમેન્ટ રેસીપ્ટ જનરેટ થયેથી દિન ૬૦ માં થશે.)<br>૨) અરજન્ટ (જેનો નિકાલ પેમેન્ટ રેસીપ્ટ જનરેટ થયેથી દિન ૩૦ માં થશે.)<br>**અરજન્ટ માપણી અરજીની માપણીની ફી, સામાન્ય પ્રકારની માપણી અરજીની ફી કરતાં ત્રણ ઘણી રહેશે.** |
| ૩ | દરેક સરવે નંબર દીઠ અરજદારે અલગ માપણી અરજી કરવાની રહેશે, પરંતુ હિસ્સા માપણીના અને હદ માપણીના કિસ્સામાં એકજ સરવે નંબરના પૈકી પાનીયા હશે તો જરૂરી હોય તેટલા પૈકી નંબરોને માપણી માટે એક જ અરજીમાં પસંદ કરી શકાશે. |
| ૪ | અરજી કરવા માટે અરજદારનું નામ ગામ નમુના નં-૭ માં હોવુ ફરજીયાત છે. |
| ૫ | માપણીની અરજી કરનારે માપણી સમયે પોતાની જમીનનો સ્થળ પર કબજો બતાવવા જાતે હાજર રહેવાનું રહેશે. |
| ૬ | અરજદારે સરવેયર માપણી કરવા આવે ત્યારે પોતાના ખેતરમાં માપણીને અડચણરૂપ થાય તેવા ઝાડી-ઝાંખરા દુર કરી આપવાના રહેશે. |
| ૭ | ડી.એસ.ઓ. રેકર્ડ અને અરજીના ક્ષેત્રફળ તથા અન્ય કોઇ વિસગતતા હશે તો અરજી ફી પરત મળવાપાત્ર થશે નહીં. |
| ૮ | મહેસૂલી ટાઇટલ અંગે વિસંગતતા હશે તો તેની જવાબદારી અરજદારની અંગત રહેશે તથા આવા કિસ્સામા અરજદાર ને ફી પરત મળવાપાત્ર થશે નહીં. |
| ૯ | અન્ય કોઇ વ્યક્તિ કબજા અંગેનો દાવો કરશે કે માપણીમાં અવરોધ કે અડચણ ઉભી કરશે, અને માપણી થઇ શકશે નહીં તો અરજદાર ને ફી પરત મળવાપાત્ર થશે નહીં, ફેર અરજી માટે ફરીથી ફી ભરવાની રહેશે. |
| ૧૦ | હિસ્સા મપણીના કિસ્સામાં સિસ્ટમ જનરેટેડ સોગંધનામું નોટરાઇઝ્ડ કરી અપલોડ કરવાનું રહેશે. હદ તથા પૈકી માપણીના કિસ્સામાં સિસ્ટમ જનરેટેડ સંમત્તિ પત્રક ફક્ત સહી કરી અપલોડ કરવાનું રહેશે. |
| ૧૧ | માપણીની અરજી દરમિયાન અપલોડ કરવાનું થતુ સંમત્તિ પત્રક/ સોગંધનામું નિયત નમુનામાં નહીં હોય કે જરૂરી તમામ વ્યક્તિઓની સહી કરેલ નહી હોય, તો અરજી દફતરે કરવામાં આવશે તથા માપણી ફી પરત મળવાપાત્ર થશે નહીં. |
| ૧૨ | અરજી કરવા માટે ગામ નમુના નં ૭ અને ૮ ની કોપી અપલોડ કરવાની જરૂર નથી. |
| ૧૩ | માપણી માટે ગામે સર્વેયર આવ્યા બાદ નીચે ના કારણે જો માપણી થઇ શકશે નહિ તો માપણી ફી ફોરફીટ થશે અને માપણી અરજી રીઝેક્ટ થશે.<br>૧) સ્થળે માપણી કરતી વખતે કબજા ઉલટ-સુલટ હોય તો.<br>૨) ખેતર માં પાણી ભરેલ હોય અને માપણી કરવી શક્ય હોય નહિ તો.<br>૩) ખેતર માં પહોંચી શકાય તેવો રસ્તો હોય નહિ તો.<br>૪) ખેતર માં માપણી માં અડચણરુપ થાય તેવા પાક ઉભા હોય દા.ત. શેરડી , ડાંગર તથા ઝાડી ઝાંખરા હોય તો.<br>૫) અરજદાર પોતાનો પ્રત્યક્ષ કબ્જો સ્થળે દેખાડી શકે નહિ તો.<br>૬) માપણી ની પ્રક્રીયા દરમ્યાન સુલેહ શાંતિ/કાયદો અને વ્યવસ્થા નો ભંગ થાય તેવા સંજોગો. |

# <u>કાર્યપધ્ધતી</u>

| | |
|---|---|
| ૧ | નવી અરજી કરવા માટે સૌપ્રથમ મહેસૂલ વિભાગના iORA પોર્ટલ (https://iora.gujarat.gov.in) પર જાઓ. |
| ૨ | iORA પોર્ટલના મુખ્ય પેજ પર આવેલ મેનુમાં “ONLINE APPLICATIONS” પર Click કરો. |
| ૩ | અરજીનો હેતુ “જમીન માપણી સંબંધીત અરજી” અને અરજીનો પ્રકાર “સરવે નંબરની હદ, હિસ્સા અથવા પૈકી ભાગ અંગે માપણી કરવા માટેની અરજી” પસંદ કરો. |
| ૪ | જે જમીનમાં માપણી કરવાની હોય તેનો જીલ્લો, તાલુકો અને ગામ પસંદ કરો. (નોંધ:- એક કરતા વધુ સરવે નંબર હોય તો સરવે નંબર દીઠ અલગ-અલગ અરજી કરવી. હિસ્સા માપણીના અને હદ માપણીના કિસ્સામાં એકજ સરવે નંબરના પૈકી પાનીયા હશે તો જરૂરી હોય તેટલા પૈકી નંબરોને માપણી માટે એક જ અરજીમાં પસંદ કરી શકાશે.) |
| ૫ | અરજદારનો મોબાઈલ નંબર અને ઈ-મેલ દાખલ કરો. |
| ૬ | સ્ક્રીન પર દર્શાવેલ સંખ્યાદર્શક કેપ્ચા કોડ વાંચીને તેની નીચેના ટેક્ષ્ટબોક્સમાં દાખલ કરો. કેપ્ચા કોડ વાંચી ન શકો તો “ Refresh Code ” પર Click કરો જેથી નવો કેપ્ચા કોડ સ્ક્રીન પર જોવા મળશે. |
| ૭ | કેપ્ચા કોડ દાખલ કર્યા બાદ “Generate OTP” પર Click કરો. OTP જનરેટ કરવાથી અરજદારે દાખલ કરેલ મોબાઈલ નંબર અને ઈ-મેલ પર અલગ-અલગ વેરીફિકેશન કોડ મળશે. |
| ૮ | મોબાઈલ નંબર અને ઈ-મેલ પર મળેલ અલગ-અલગ વેરીફિકેશન કોડ અનુક્રમે દર્શાવેલ ટેક્ષ્ટબોક્સમાં દાખલ કરી "Submit” પર Click કરો. |
| ૯ | “ Submit ” પર Click કર્યા બાદ જમીનની માપણી કરવા માટેની અરજીની વિગતો ભરવા માટેનું ફોર્મ ખુલશે. |
| ૧૦ | અરજીને લગતી તમામ વિગતો ચોક્સાઈપૂર્વક દાખલ કરો.<br>અગત્યની સૂચના:<br>(અ) આંકડાકીય સિવાયની તમામ વિગતો ગુજરાતી યુનિકોડમાં જ દાખલ કરવી.<br>(બ) ગુજરાતી યુનિકોડ અંગેની વધુ માહિતી iORA પોર્ટલના મુખ્ય પેજ પર મળશે.<br>(ક) અરજીનો પ્રકાર જે પ્રકારની માપણી કરાવવાની હોય તે મુજબ સમજી-વિચારીને પસંદ કરવો. |
| ૧૧ | અરજદારનું નામ, સરનામું, પ્રકાર વિગેરેની વિગતો દાખલ કરવી. |
| ૧૨ | માપણીની અગ્રતા અને માપણીના કોર્ડીનેટની જરૂરીયાત તેની સાથે સંકળાયેલ ફી તથા તેના નિકાલના સમયગાળા બાબતે બરાબર સમજીને પસંદ કરવી. (સામાન્ય કરતાં અરજન્ટ માપણીની ફી ત્રણ ઘણી લેવામાં આવશે. સામાન્ય માપણીની અરજીનો અરજીના પેમેન્ટની રિસીપ્ટ જનરેટ થયેથી ૬૦ દિવસમાં અને અરજન્ટ માપણીની અરજીનો ૩૦ દિવસમાં નિકાલ કરવામાં આવશે.) |
| ૧૩ | ખાતા નંબર, સરવે નંબર અને જમીનની ચતુર્દિશાની વિગતો દાખલ કરવી, અને નીચે આપેલ ત્રણ શરતો વાંચીને તેની આગળ ટીક કરવું. |
| ૧૪ | અરજીને લગતી તમામ વિગતો દાખલ કર્યા બાદ “Save Application” પર Click કરો. |
| ૧૫ | અરજી સેવ થતા જ એક યુનિક અરજી નંબર સ્ક્રીન પર જોવા મળશે. આ યુનિક અરજી નંબરની યોગ્ય જગ્યાએ નોંધ કરો, અને “Ok” પર ક્લિક કરો. આ અરજી નંબર આપને મોબાઈલ અને ઈ-મેલ પર પણ મળશે. |

| | |
|---|---|
| ૧૬ | હવે ખુલેલા પેજ પર અરજીની વિગતો ચકાસી " Confirm Application" પર ક્લિક કરો. |
| ૧૭ | Print Application પર ક્લિક કરી અરજી તથા Print Affidavit પર ક્લિક કરી સોગંધનામું / સંમત્તિ પત્રક ઓનલાઈન જનરેટ કરો. હિસ્સા મપણીના કિસ્સામાં સિસ્ટમ જનરેટેડ સોગંધનામું નોટરાઈઝડ કરી અપલોડ કરવાનું રહેશે. હદ તથા પૈકી માપણીના કિસ્સામાં સિસ્ટમ જનરેટેડ સંમત્તિ પત્રક ફક્ત સહી કરી અપલોડ કરવાનું રહેશે.<br>સોગંધનામું / સંમત્તિ પત્રક વાંચી શકાય તેવા રીઝોલ્યુશનમાં PDFમાં સ્કેન કરી અપલોડ કરો. ( માત્ર i-ORA પોર્ટલ પરથી પ્રિન્ટ કરેલ અરજીપત્રક તથા સોગંધનામું / સંમત્તિ પત્રક જ માન્ય ગણાશે. આ સિવાય અન્ય કોઈ રીતે બનાવેલ અરજીપત્રક / સોગંદનામું જણાશે તો આપની અરજીનો અસ્વિકાર થશે, જેની ખાસ નોંધ લેવી.) |
| ૧૮ | Freeze Document પર ક્લિક કરી ડોક્યુમેન્ટ આખરી કરો. |
| ૧૯ | "માપણી ફી ભરવા અહિં ક્લિક કરો" પર ક્લિક કરી, આગળના પેજ પર પેમેન્ટ મેથડમાં "Payment Gateway" અને "SBIEPAY" પસંદ કરી Confirm→Agree→Submit પર ક્લિક કરો. માપણી ફી ઓનલાઈન, Debit Card/Credit Card, Internet Banking, BHIM UPI થી ભરી શકાશે. માપણી ફી ઑફ્લાઈન ચલણથી ભરવા માટે NEFT પસંદ કરી મોબાઈલ નંબર અને Email ID દાખલ કરી NEFT ચલણ જનરેટ કરવું. આ ચલણ SBI સિવાયની બેન્કમાં ચેક દ્વારા ભરી શકાશે. |
| ૨૦ | માપણી ફીનું પેમેન્ટ કર્યા બાદ અંતે પેમેન્ટની રિસીપ્ટ પોર્ટલ પરથી જનરેટ થશે. જો રિસીપ્ટ જનરેટ ના થાયતો અરજીની કામગીરી પુર્ણ થયેલ ગણાશે નહી. (ખાસ નોંધ: NEFT ચલણથી પેમેન્ટ કરેલ હોયતો જે તે બૅન્ક દ્વારા પેમેન્ટ પ્રોસેસ થયા બાદ ચલણ પર સહિ-સિક્કા કરી ટ્રાન્ઝેક્શન નંબર લખી તેને પરત કરવામાં આવે છે. આ પરત કરેલ ચલણ પેમેન્ટ રિસીપ્ટ નથી. પેમેન્ટ રિસીપ્ટ જે તે બૅન્ક પેમેન્ટ પ્રોસેસ કરે ત્યાર બાદ iORA પોર્ટલ પરથી જ જનરેટ કરવાની રહેશે. |
| ૨૧ | પેમેન્ટમાં કરતાં કોઇ Error આવેતો ફરીથી સંપુર્ણ અરજી કરવાની જરૂર રહેતી નથી. પેમેન્ટની સ્થિતી ચકાસવા માટે iORA પોર્ટલ પર Home→Online Application→Registered Application પર અરજી નંબર, મોબાઈલ નંબર, અને Email ID ની વિગત દાખલ કરી OTP જનરેટ કરી દાખલ કરવો. ત્યારબાદ "માપણી ફી ભરવા અહિં ક્લિક કરો" પર ક્લિક કરો. બાદમાં "Click Here To Check Earlier Pending Payment Status" પર ક્લિક કરો |
| ૨૨ | જો આગળનું પેમેન્ટ સફળ થયુ હશે તો પેમેન્ટ રેસીપ્ટ જનરેટ થાશે, નહિ તો Payment Failed બતાવશે. Payment Failed ના કિસ્સામાં ફરીથી પેમેન્ટ કરવા માટે સ્ટેપ ૨૦ માં આપેલ કાર્યવાહી ફરી કરવી. |
| ૨૩ | માપણીની તારીખ , અરજીની સ્થિતી અને નિકાલની વિગતો સમયાંતરે આપને અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર અને ઈ-મેલ મારફત મોકલવામાં આવશે. |
| ૨૪ | અરજીની પ્રક્રિયા પુર્ણ કર્યા બાદ, અરજી પરની કાર્યવાહીમાં થયેલ પ્રગતિ iORA પોર્ટલ પરથી ટ્રેક કરી શકાશે. જે માટે Home→Online Application→Registered Application પર અરજી નંબર, મોબાઈલ નંબર, અને Email ID ની વિગત દાખલ કરી OTP જનરેટ કરી, OTP અને કેપ્ચા કોડ દાખલ કરી "Submit" પર Click કરો. ત્યાર બાદ અરજીની વિગત તથા તેના પર થયેલ કાર્યવાહીની તબક્કા વાર પ્રગતિ સ્ક્રીન પર જોઈ શકાશે. |